શુભ લાભ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪૧ | ૧૨ નવેમ્બર, ૨૦૧૮, સોમવાર; કારતક સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વર્લ્ડ ઈનબોક્સ
એકેડમી-ગાંધીનગર
પાઠવે છે... દિવાળી તથા
નુતનવર્ષની શુભકામનાઓ...
એડમિશન ઓપન
ઓફિસ આસી. / કલાર્ક
નવી જનરલ બેચ
બન્ને બેચ પ્રારંભ તા.15 નવેમ્બર, ગુરૂવારથી
પોલિસ કોન્સ્ટેબલ મોક ટેસ્ટ
Fees ₹200/-
17 November to 21 November
રજીસ્ટ્રેશનની છેલ્લી તા. 13 નવેમ્બર, 2018
બીજો અને ત્રીજો માળ, શાંતિ આર્કેડ, પતંજલિની ઉપર, ઘ-2, સેક્ટર-6, ગાંધીનગર.
823 823 87 87, 823 823 89 89

# છત્તીસગઢમાં આજે પ્રથમ તબક્કાનું મતદાન

**નક્સલવાદીગ્રસ્ત આઠ જિલ્લાઓમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા : ૧૮ બેઠકો પર મુખ્યમંત્રી રમણસિંહ સહિત ૧૯૦થી વધુ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં : ૩૧ લાખથી વધારે મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે**

રાયપુર,તા. ૧૧

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી હતી તે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની શરૂઆત થઈ રહી છે જેના ભાગરુપે આવતીકાલે છત્તીસગઢમાં બે તબક્કામાં યોજાનાર મતદાન પૈકી પ્રથમ તબક્કામાં ૧૮ સીટો માટે મતદાન થનાર છે. બસ્તર અને રાજનંદગાંવ જિલ્લાની ૧૮ સીટો માટે મતદાન થનાર છે. નક્સલવાદીગ્રસ્ત વિસ્તાર હોવાથી અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. તમામ તૈયારીઓ ચૂંટણી પંચ તરફથી પણ કરી લેવામાં આવી છે. છત્તીસગઢમાં છેલ્લા ૧૫ વર્ષથી નેતૃત્વ કરી રહેલા મુખ્યમંત્રી રમણસિંહ ત્રીજી વખત વાપસી કરવા માટે રાજનંદગાંવથી મેદાનમાં છે. અહીંથી કોંગ્રેસે પણ કોઈ સમયે ભાજપમાં રહી ચુકેલા અરુણા શુક્લાને મેદાનમાં ઉતાર્યા છે. પ્રથમ તબક્કામાં છત્તીસગઢના આઠ માઓવાદીગ્રસ્ત જિલ્લાઓને આવરી લેતી ૧૮ સીટો ઉપર મતદાન થશે. મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણરીતે પૂર્ણ થાય તે માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. નક્સલવાદીગ્રસ્ત વિસ્તારના ૨૦.૪ લાખ મતદારો ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરશે. ભાજપે રાજ્યમાં સતત ત્રણ ચૂંટણી જીતી છે. મુખ્યમંત્રી રમણસિંહ સહિત ૧૯૦ ઉમેદવારો પ્રથમ તબક્કામાં ભાગ્ય અજમાવી રહ્યા છે. ૨૦૧૩માં છેલ્લી ચૂંટણીમાં આ ૧૮ સીટો પૈકી ભાજપે ૧૨ સીટો ગુમાવી હતી જેથી આ વખતે વધુ તૈયારી કરવામાં આવી છે. આ તબક્કા માટે ૪૩૩૬ મતદાન મથકો ઉભા કરાયા છે. ૩૧૭૯૫૨૦ મતદારો નોંધાયા છે. છત્તીસગઢમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પરંપરાગત સ્પર્ધા રહી છે. આ વખતે અજીત જોગીના જનતા કોંગ્રેસ, માયાવતીના બહુજન સમાજ પાર્ટી અને

● અનુસંધાન પાન-૫ પર

# તમિળનાડુ-આંધ્રપ્રદેશમાં ભારે વરસાદની સંભાવના

**બંગાળના અખાત ઉપર તોફાન ગાજાનું સંકટ : ૧૪-૧૫ નવેમ્બરે તમિળનાડુ અને આંધ્રમાં ભારે વરસાદ પડવાની વકી : પોંડીચેરીમાં પણ ભારે વરસાદની આગાહી**

ચેન્નાઈ, તા. ૧૧

બંગાળના અખાત પર ચક્રવાત જેવી સ્થિતિ સર્જાઈ રહી છે જેના પરિણામ સ્વરુપે બંગાળના અઘાત ઉપર ફરીવાર તોફાનનું સંકટ તોળાઈ રહ્યું છે. આ સિસ્ટમ ઉત્તર તમિળનાડુના ઉપરથી પસાર થઈ શકે છે. દક્ષિણ પૂર્વ અને મધ્ય બંગાળના અખાત પર સર્જાયેલી ડિપ્રેશનની સ્થિતિના લીધે ચક્રવાતી તોફાન ગાજામાં પરિવર્તિત થઈને તે આગળ વધી શકે છે. તેનું કેન્દ્ર પૂર્વ મધ્ય, પશ્ચિમ મધ્ય અને દક્ષિણ પૂર્વ બંગાળના અખાતમાં છે. દરિયામાં ન જવા માટે માછીમારોને કહેવામાં આવ્યું છે. દક્ષિણ પૂર્વ બંગાળના અખાત અને તેની સાથે જોડાયેલા ઉત્તર આંદામાન ઉપરથી ઓછા દબાણવાળા ક્ષેત્ર ડિપ્રેશનમાં ફેરવાઈ ગયા છે. આ ચક્રવાતી સિસ્ટમનું કેન્દ્ર પોર્ટ બ્લેયરથી ૨૦ કિલોમીટર ઉત્તરપશ્ચિમ અને

● અનુસંધાન પાન-૫ પર

# ૨૦૧૯માં ભાજપ સરકાર બનાવશે, પરંતુ ૨૦૧૪ જેવી લહેર નહીં હોય : પ્રશાંત કિશોર

**૨૦૧૯માં ભાજપને ૨૭૨થી વધુ સીટ મળવી મુશ્કેલ, ડિજિટલ દુનિયાએ બધું જ બદલી નાંખ્યું છે**

ન્યુ દિલ્હી,તા.૧૧

જનતાદળ યુનાઈટેડના ઉપાધ્યક્ષ પ્રશાંત કિશોરે કહ્યું કે આગામી લોકસભા ચૂંટણીમાં ૨૦૧૪ જેવો માહોલ નહીં બને. તેઓએ એક ઈન્ટવ્યૂમાં કહ્યું કે, ભાજપ જીતશે તેની સંભાવના સૌથી વધુ છે, પરંતુ ડિજિટલ દુનિયાએ બધું જ બદલી નાંખ્યું છે. હવે લોકો સત્યની સાથે રજૂ થયેલી વસ્તુઓને જોવા માંગે છે. તમે સપનાં ન વેંચી શકો. એટલે મને નથી લાગતું કે આ વખતે કોઈ લહેર બનશે.

દેશમાં સારા દિવસો અંગે પ્રશાંત કિશોરે કહ્યું, "આનો જવાબ તો લોકો આપશે, પરંતુ મને નથી લાગતું કે તેઓ માહોલ હવે બનશે. ચીજો બદલાઈ ગઈ છે. આ પ્રકારનું વાતાવરણ ન બનવા બદલ ઉમેદવારો પર જવાબદારી વધી જાય છે. પ્રશાંતે કહ્યું કે, "આગામી વર્ષે થનારી લોકસભા ચૂંટણીમાં ભાજપને ૨૭૨થી વધુ સીટ મળવાનું મુશ્કેલ છે. આપણાં દેશમાં ૭૦ ટકા લોકો દિવસમાં ૧૦૦ રૂપિયા પણ નથી કમાઈ શકતા. તેમનું મગજ વાંચવુ મુશ્કેલ છે. તેઓ જે કહે છે તેને સત્ય ન માની શકાય. આજ કારણ છે કે ચૂંટણીના પરિણામ અનેક વખત ચોંકવનારા હોય છે.

# પ્રધાનમંત્રી આજે વારાણસીમાં ૧૦ યોજનાનું લોકાર્પણ કરશે

**જનસભા સંબોધશે : આજે વડાપ્રધાન મોદી અઢી હજાર કરોડના વિકાસ કાર્યોની ભેટ આપશે**

ન્યુ દિલ્હી,તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એકવાર ફરીથી પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીની મુલાકાત લેવાના છે. પીએમ મોદી વારાણસીમાં ૧૨ નવેમ્બરે પહોંચી રહ્યા છે. આ દરમિયાન કાશીવાસીઓને અઢી હજાર કરોડની યોજનાઓની ભેટ આપશે.

પ્રધાનમંત્રી હરહુઆના વાજીદપુરમાં એક જનસભાને સંબોધિત કરશે. આ દરમિયાન તે ૧૦ યોજનાઓનું લોકાર્પણ કરશે સાથે સાથે સાત નવી યોજનાઓનો શિલાન્યાસ કરશે. ભાજપના જિલ્લા અધ્યક્ષ હંસરાજ વિશ્વકર્માએ જણાવ્યુ કે પ્રધાનમંત્રી બે વાગ્યે હેલિકોપ્ટરથી રામનગરની મલ્ટી મોડલ ટર્મિનલમાં જેટી પર ઉતરશે.

ત્યાં મલ્ટી મોડલ ટર્મિનલનું લોકાર્પણ કરશે. લોકાર્પણબાદ બાબતપુર એરપોર્ટ પર જશે. ત્યારબાદ હરહુઆ વાજીદપુર ગામ પહોંચીને જનસભાને સંબોધિત કરશે.

# દેશના ૨૫ શહેરોના નામ બદલવા કેન્દ્રની લીલીઝંડી

**અલ્હાબાદનું નામ પ્રયાગરાજ-ફૈઝાબાદનું નામ અયોધ્યા**

નવીદિલ્હી, તા. ૧૧

છેલ્લા એક વર્ષના ગાળામાં સરકારે નામ બદલવા માટે ૨૫ સ્થળોને મંજુરી આપી દીધી છે. ૨૫ સ્થળોના નામ બદલવાને મંજુરી આપવામાં આવ્યા બાદ આની ચર્ચા જોવા મળી રહી છે. કેટલીક દરખાસ્તો હજુ પેન્ડિંગ રહેલી છે જે પૈકી પશ્ચિમ બંગાળના રાજ્યમાં

● અનુસંધાન પાન-૫ પર

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

મંડળીના માનવંતા સભાસદ ભાઈઓ / બહેનો તેમજ મંડળીના પાયાના પથ્થર સમાન દૂધ વિતરણની મહત્વની કામગીરી સંભાળતા દૂધ વિતરણ કેન્દ્ર સંચાલક મિત્રોને તેમજ મંડળીના કર્મચારીગણને અને સંસ્થા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલા તમામ સહયોગી મિત્રોને તેમજ શુભચિંતકોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...

### નૂતન વર્ષાભિનંદન

વ્યવસ્થાપક કમિટી


દિલીપસિંહ ચોહાણ
ચેરમેન


કેતનકુમાર પટેલ
વાઈસ ચેરમેન


પંકજકુમાર શુક્લ
મેનેજીંગ ડીરેક્ટર


ગજેન્દ્રસિંહ રાઠોડ
જો.મેનેજીંગ ડીરેક્ટર


રેણુકાબેન પટેલ
ચેરમેન, હિસાબ સમિતિ


ભાનુમતીબેન રોહિત
ચેરમેન, દૂધ સમિત


મંગળદાસ પટેલ
ડીરેક્ટર


તેજાભાઈ દેસાઈ
ડીરેક્ટર


સુરેશકુમાર મહેતા
ડીરેક્ટર


ચંદ્રસિંહ વાઘેલા
ડીરેક્ટર


રાજેશ પંચોલી
ડીરેક્ટર


કીરીટકુમાર શાહ
ડીરેક્ટર


ઈશ્વરભાઈ પટેલ
ડીરેક્ટર


બિપીનસિંહ વાઘેલા
ડીરેક્ટર


હસમુમતીબેન પટેલ
ડીરેક્ટર


નરહરદાન ગઢવી
જનરલ મેનેજર

## ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ. ન્યુ ક્રેડીટ સોસાયટી

Reg. No.-14309 Date-1-3-1982

બ્લોક નં. ૬, બીજે માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
ફોન નં. : ૨૩૨-૫૨૯૫૪, ૨૩૨-૫૧૪૯૬

સંસ્થાના સર્વે સભાસદ મિત્રો, થાપણદાર મિત્રો તથા શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન પાઠવે છે. નૂતન વર્ષ આપ સર્વેને ફળદાયી તેમજ લાભદાયી નીવડે તેવી શુભેચ્છા.

શુભેચ્છક

સર્વે બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

| | | |
|---|---|---|
| ધવલ એસ. શાહ<br>સહમંત્રી | કનુભાઈ આર. પટેલ<br>ચેરમેન લોન સમિતિ | વત્સલ આર. વોરા<br>ચેરમેન ખરીદ સમિતિ |
| અતુલકુમાર એન. પટેલ<br>ડીરેક્ટર | અશ્વિનકુમાર એમ. વ્યાસ<br>ડીરેક્ટર | મહેશસિંહ ઝેડ. વાઘેલા<br>ડીરેક્ટર |
| ઉમેશકુમાર પી. વસાવા<br>ડીરેક્ટર | જયેશકુમાર એસ. જોષી<br>ડીરેક્ટર | મૌલિકકુમાર બી. પટેલ<br>ડીરેક્ટર |
| ચેતન એસ. દવે<br>ડીરેક્ટર | દિપકભાઈ એસ. પટેલ<br>ડીરેક્ટર | વિપુલ કે. રાઠવા<br>ડીરેક્ટર |
| મુકેશ કે. ઠાકર<br>મેનેજર | રમેશચંદ્ર બી. પટેલ<br>ક્લાર્ક | ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા<br>ક્લાર્ક |
| વિષ્ણુભાઈ એચ. પ્રજાપતિ<br>ક્લાર્ક | સંજય એન. જાની<br>પ્યુન | પરેશભાઈ એ. દવે<br>પ્યુન |
| જયંતિલાલ બી. સાધુ<br>પ્રમુખ | રાજુલ એન. ભટ્ટ<br>ઉપપ્રમુખ | હર્ષિદસિંહ જે. વાઘેલા<br>માનદમંત્રી |

નૂતન વર્ષાભિનંદન

## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ



શહેરના નાગરિકો, વસાહતીઓના પ્રાણપ્રશ્નોને વાચા. પ્રાથમિક સુવિધાઓ, પાણી-વીજળી, જાહેર રોડ-રસ્તાઓ, નાગરિકોની ગટર, સાફ-સફાઈ, વધતી ચોરીઓ, ટ્રાફિક, ટપાલસેવા, સમક્ષ સચોટ નિષ્પક્ષ રજૂઆતો કરવી અને સામાજિક, સેવાકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક પ્રસંગોમાં અગ્રેસર સેવાકાર્ય કરતી સતત પ્રવૃત્ત શહેરની અગ્રણી સંસ્થા વતી શહેરના નાગરિકોને વિક્રમ સંવત ૨૦૭૫ના નવા વર્ષ પ્રારંભે નવું વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિદાયક નીવડે તેવી હાર્દિક શુભકામના પાઠવું છું.

**કેશરીસિંહ બિહોલા**
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
પ્લોટ નં. ૭૩૨/૨, સેક્ટર-૫ બી, ગાંધીનગર. મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮

## GOOD NEWS FOR AHMEDABAD & GANDHINAGAR

10 Days Free Workshop For GPSC MAINS & બિનસચિવાલય

GPSC CLASS 1-2 ની પ્રિલિમ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓનો સૌથી મોટો પ્રશ્ન...

હવે
મેઈન્સની તૈયારી કેમ કરવી ?
મેઈન્સના ક્લાસ ક્યાં કરવા ?
મેઈન્સમાં આન્સર કેમ લખવા ?

આ દરેક પ્રશ્નોના સમાધાન સ્વરૂપે R K Academy GPSC CLASS 1-2 ની પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારો તથા વિષય નિષ્ણાંત વ્યક્તિઓને ભેગા કરી ૧૦ દિવસનો ફ્રી વર્કશોપ આયોજીત કરેલ છે.

- શું દર વખતે ૧ કે ૨ માર્ક્સ માટે રહી જાઓ છો.?
- ગુજરાતી અને ENGLISH માં સારા માર્ક્સ હોય તો જ હવે સફળતા...
- ક્લાસ-3 ના બદલાયેલ અભ્યાસક્રમને જાણવા અને સમજવા તથા ગુજરાતની શ્રેષ્ઠ ફેકલ્ટીઝને સાંભળવા જોડાઓ ૧૦ દિવસના ફ્રી સેમિનાર માં...

For Registration, Please Call or WhatsApp ( your name ) on
70 316 70 316
તા. ૧૨ નવે. ૨૦૧૮ થી સવારે ૮ થી ૧૦

R K ACADEMY
OF EXCELLENCE PVT. LTD.
UPSC | GPSC | PI | Bank

201-202, 2nd Floor, Akshar Arcade, Opp. Memnagar Fire Station, Darpan Six Road, Navrangpura, A-bad-14